# સમષ્ટિમાં વિહરતી કવિની દૃષ્ટિ | નવનીત જાની

[**'મનપૂર્ણા'** : મનસુખ લશ્કરી, પ્રકા. ગુ. સા. પ., પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૩+૮૦ = ૯૩, કિં. રૂ. ૪૫/-]

કલાત્મક સ્લેટિયા રંગના બાંકડાનો એક ખૂણો; બાંકડાની એટલી બેઠક પર પડેલાં અર્ધપીળાં પાન... આવું 'મનપૂર્ણા'નું મુખપૃષ્ઠ આપણને કવિ મનસુખ લશ્કરીની કવિતા પાસે બેસવા પ્રેરે છે.

વ્યક્તિ છુપાઈ શકે છે, કવિવ્યક્તિત્વ નહીં. મનસુખભાઈ છેલ્લાં ત્રીસેક વર્ષ (૧૯૭૭)થી કાવ્યસર્જનરત છે. એમની કવિતાએ એમને જે અપેક્ષાએ શબ્દસૃષ્ટિમાં મૂકી આપ્યા છે, એથી વિશેષ એમણે કવિતાને નિરપેક્ષભાવે કાવ્યભાવકો આગળ મૂકી છે. બે-પાંચ વર્ષના કાવ્યસર્જનમાં જ માથું ઊંચકી ફરતા નવકવિઓએ આમાંથી ધડો લેવા જેવો ખરો !

કવિની કાવ્યદૃષ્ટિ મહદંશે સમષ્ટિતત્ત્વોની પાછળ ફરનારી છે. પ્રકૃતિને એ બાથ ભરે છે તો ઊર્મિને તાવે છે. જીવન્નોત્તમ ક્ષણોને ઊજળી રીતે જોવી અને શક્ય એટલી ઊજવવી કવિની નેમ એમની કવિતાને સુગ્રાહ્ય બનાવે છે.

પ્રકૃતિના વિશિષ્ટ સ્વતંત્ર મિજાજનો સ્વાદ પમાડતાં કાવ્યોની સંખ્યા ઊડીને આંખે વળગે એવી છે. જેમાં 'આપણે' (પૃ. ૧)ની આ પંક્તિઓમાં કવિમિજાજ કંઈ ઓર જ છે : ''આપણે / કદાચ આકાશ છીએ / કે જેમાં / કો'ક સમડી / ચકરાવે ચકરાવે / નિઃશબ્દતાપૂર્વક પાંખથી / ઘૂંટતી જ જાય / ઘૂંટતી જ જાય / ને એને સ્પર્શ માની લેવા પડે !''

મનુષ્ય પ્રકૃતિ સાથે હોડ બકે તો પોતાના સ્વાતંત્ર્યનેય હાનિ પહોંચાડી બેસે. પ્રકૃતિની આગળ નહીં, નહીં પાછળ પરંતુ સાથોસાથ રહેનારને પ્રકૃતિનાં કેવાં નિતનવાં રૂપ સાંપડે છે ! 'ત્રણ રચના' (પૃ. ૫) એ દૃષ્ટિએ જોવા જેવી છે.

માનવ અને પૃથ્વીના સનાતન સંદર્ભમાં પૃથ્વીની સહિષ્ણુતાને કવિએ ગાઈ છે 'તમે' (પૃ. ૮) કાવ્યમાં. કવિ કહે છે, પૃથ્વીપટે શુભ-અશુભ-દુરિત-સુરિતના કોઈ ભેદ નથી. ''તમે / મરચી ઉગાડો કે શેરડી / ઘર બનાવો / કતલખાનું ચણાવો / કે કબર બાંધો / તોય / આ જમીન / કાંઈ કે'તાં કાંઈ / એકે અક્ષરેય બોલશે નહીં.''

કવિને છે કે પોતે હજી પૃથ્વી જેટલો સ્થિતપ્રજ્ઞ નથી બની શક્યો. છતાં પૃથ્વી અતુલ મમતાથી પોતાને સાહી રહી છે.

જગતની પ્રત્યેક ચીજને એનું ચોક્કસ વ્યક્તિત્વ છે. એ વ્યક્તિત્વનો ઉપયોગી અભિષેક, માનવજીવન સરળ અને વિશદ બને એ હેતુથી થઈ શકે છે. પરંતુ માનવ કોઈ વસ્તુ પાસે, એના વ્યક્તિત્વથી વિશુદ્ધ એવી અપેક્ષામાં રાચે ત્યારે વસ્તુનો મૂળ મહિમા રહેતો નથી. 'તહમે' (પૃ. ૯) કાવ્યમાં આ સત્યને કવિએ દરિયો, કાચ અને વૃક્ષનાં ઉદાહરણથી પ્રગટ કર્યું છે.

કવિને દેખાડો કે દંભ સામેય વિરોધ છે. એમને મન સહજ અભિવ્યક્તિનો મહિમા છે. કવિ કહે છે કે પોતે એટલો બીમાર નથી કે એને છોલેલા-ફોલેલા-સમારેલા-સુધારેલા કે છાલ ઉતારેલા શબ્દોનો ખપ પડે !

પ્રકૃતિ પ્રત્યે કવિને અનહદ લગાવ છે. પ્રકૃતિનાં તત્ત્વોને સદ્‌ભાવપૂર્વક જોવાની એમની દૃષ્ટિમાં હદથી અનહદ સુધીની યાત્રા કરવાની મનસાનાં દર્શન થાય છે. એ સંદર્ભે 'પુષ્પો' કાવ્ય જોવા જેવું છે.

પ્રકૃતિનાં તત્ત્વો આભ અને ધરતી સાથે અભિન્ન રીતે જોડાયેલાં છે. આ તત્ત્વોને કવિ સુચારુ ઉપમાઓ આપે છે.

**'પુષ્પો**
**ધરતીએ આકાશ સામે ધરેલા**
**પ્રેમપત્રો.**
**નદીઓ**
**પર્વતોએ જલધિને પાઠવેલાં**
**ઊર્મિગીતો.'**

કે પછી,

**'અંધારાં**
**આકાશે ધરતીના ચહેરા પર**
**હેતપૂર્વક દાબેલી હથેળીઓ.'**

આમાં કવિનો પર્યાયભાવ છે તો પર્યાપ્તભાવ પણ છે.

'સૂરજ ઊગ્યો જ ક્યાં છે ?' કવિનું દીર્ઘકાવ્ય છે. ઘમંડમાં મહાલતા સૂર્યને અન્ય પ્રાકૃતિક તત્ત્વો સાથે સંઘર્ષમાં ઊતરવું પડે છે. પ્રકૃતિતત્ત્વોની પડછે સૂર્યની કેન્દ્રસ્થ સ્થિતિને કવિએ સરસ શબ્દબદ્ધ કરી છે :

**'રોટલી વણાતાં વણાતાં મોટી થતાં**
**વચ્ચેથી પાતળી થઈ જાય ને આમ આગળ જતાં**
**કેન્દ્ર ગુમાવી બેસે... તેમ નીચે આવતાં**
**પારદર્શક સૂરજના વક્ષમાં બિલાડીના ટોપ ! ભોંકાયા**
**ને વક્ષની આરપાર**
**નદી સરોવરનાં બે બિંદુઓમાં ! બે પગ પડ્યા...'** (પૃ. ૭૮)

શૈશવની યદચ્છ ક્ષણો છોડીને શાળાની કેડીએ ચડતાં બાળકની સંવેદના 'દુવિધા'માં ઝિલાઈ છે. બાની સ્મૃતિને સઘન રીતે રજૂ કરતાં 'ઠપકો', 'સુઘરી' કાવ્યો ધ્યાનપાત્ર છે. અન્ય આત્મલક્ષી કાવ્યોમાં 'સખી'માં નાયિકાકેન્દ્રી અંગતોર્મિ આલેખાઈ છે. 'સહ-અનુભૂતિ' આધુનિક મનુષ્યની વેદનાને વાચા આપતું ગીતકાવ્ય છે.

**'અડાબીડ જંગલમાં લાગે એ...વું એકલવાયું રે,**
**જાણે હાથવછૂટ્યું ભૂલકું મેળામાં અટવાયું રે.'** (પૃ. ૪૬)

મનસુખભાઈની કલમ અછાંદસ કાવ્યોમાં વિશેષ વિહરી છે. ઉપરાંત ગીત, ગઝલ, છાંદસ કાવ્યના પણ કેટલાક ચમકારા પમાય છે. 'રહી છે !' ગઝલ એ દૃષ્ટિએ નોંધપાત્ર છે :

**'જુઓ તો જરા ક્યાંક હાલી રહી છે –**
**નરી રેતમાં નાવ ચાલી રહી છે.'**

આ કવિની અછાંદસ રચનાઓ જેટલી આસ્વાદ્ય છે એટલી જ લઘુ રચનાઓ ય સુંદર છે. શીઘ્ર ચમત્કૃતિથી ઉપર ઊઠતી એમની લઘુકવિતાઓ ઘણી ચિંતનાત્મક છે.

(૧) ‘પ્હાડ / ગણાતું પીંછું / કાં તો / પ્હાડ ગણાતો પીંછું.’

(૨) ‘છાંયા લંબાય તેમ ટૂંકાયે થાય / એને / તડકા લંબાણા / એમ થોડું કે’વાય !’

(૩) ‘વૃક્ષ / એક / વેલને ટેકે / – જીવી ગયું હોત !’

(૪) ‘પટકઈ પડેલ / કોઈ પંખી ન હોય ! / એમ તરફડતો લાગે છે ઉંબરો’

કુલ ૭૨ કાવ્યો સમાવતા આ સંગ્રહમાં કવિની વિશિષ્ટ મુદ્રાનાં દર્શન થાય એવી ઘણી રચનાઓ છે. કવિ આધુનિકતાનો રાગડો તાણ્યા વિના સહજ પ્રગટતી ઊર્મિને કાવ્યરૂપ આપે છે એ એમની કવિતાની વશેકાઈ ગણાય.

આ કવિ પાસેથી હજુ વધુ સારી કવિતાઓ મળવી જોઈએ. આમ પણ કવિ સારવી-તારવી ખાનાર ‘સારખાયો’ની ઉપમા પામ્યા છે. આશા રાખીએ કે કવિની ભાવિ રચનાઓમાં વધુ ને વધુ સારવવાનું – તારવવાનું મન થાય.